नामांक Roll No.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |

No. of Questions – **10**
No. of Printed Pages – **4**

**S-73-Gujarati (T.L.)**

# माध्यमिक परीक्षा, 2018
# SECONDARY EXAMINATION, 2018

# ગુજરાતી
# (GUJARATI)
## (THIRD LANGUAGE)

समय : $3\frac{1}{4}$ घण्टे

पूर्णांक : 80

**પરીક્ષાર્થીઓ માટે સામાન્ય નિર્દેશ :**

(1) પરીક્ષાર્થી સૌપ્રથમ પ્રશ્નપત્ર પર પોતાનો નામાંક જરૂરથી લખે.

(2) દરેક પ્રશ્ન કરવા ફરજિયાત છે.

(3) પ્રત્યેક પ્રશ્નનો જવાબ આપેલી જવાબ પુસ્તિકામાં જ લખો.

(4) જે પ્રશ્નોમાં આંતરિક ખંડ છે, તે દરેકના ઉત્તર એક સાથે જ લખો.

(5) પ્રત્યેક પ્રશ્નમાં માંગ્યા અનુસાર ઉત્તર આપવાના છે.

(6) પ્રત્યેક પ્રશ્નનો જવાબ ગુજરાતી ભાષામાં લખવાનો છે.

1. નીચેનો અપઠિત ગદ્યાંશ વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો : **10**

"પ્રાણીમાત્ર તરફ સમભાવ, અનુકૂળ ભાવ રાખવો તે અહિંસા. મનુષ્ય જ નહીં, પરંતુ તમામ જીવો પ્રત્યે એ ભાવના કાયમ રહેવી જોઈએ, કોઈનું ખૂન કરવું એ તો હિંસા છે જ. પરંતુ કોઈ માણસના શ્રમનો અનુચિત લાભ ઉઠાવવો એ પણ હિંસા છે. દુનિયામાં ચાલતી સૌથી મોટી હિંસા એ છે. પોતાના સુખ માટે બીજાના સુખ પ્રત્યે બેદરકાર બનવું એ છે રોજની હિંસા. એનાથી બચવા માટે રોજ પોતાના અંતરને ઢંઢોળીને જોવું જોઈએ કે મેં મારા કોઈ સાથી પ્રત્યે અનુદાર વર્તન તો નથી કર્યું ને ? જેટલા માણસોના સંબંધમાં આપણે આવીએ છીએ તેના પ્રત્યે સ્વભાવથી જ નાજુક ખ્યાલ રાખવો એ અહિંસાનું સાચું સ્વરૂપ છે."

— કાકા કાલેલકર

**પ્રશ્નો :**

(1) અહિંસા એટલે શું ? **2**

(2) દુનિયામાં ચાલતી મોટામાં મોટી હિંસા કઈ છે ? **2**

(3) દરેક વ્યક્તિએ રોજ પોતાના અંતરને ઢંઢોળીને શું જોવું જોઈએ ? **2**

(4) અહિંસાનો વિરોધી શબ્દ લખો. **2**

(5) ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો. **2**

2. નીચેનામાંથી ગમે તે એક વિષય પર નિબંધ લખો : **10**

(1) સિદ્ધિ એને વરે જે પરસેવે ન્હાય

(2) માતૃભાષાનું મહત્ત્વ

(3) પાણી બચાવો – પ્રાણી બચાવો

(4) જીવનમાં રમતગમતનું મહત્ત્વ

(5) મારો પ્રિય તહેવાર

3. તમારી શાળામાં યોજાયેલ 'સ્વચ્છતા અભિયાન'નો અહેવાલ લખો. **5**

4. માગ્યા પ્રમાણે જવાબ આપો : (વ્યાકરણ) **15**

(અ) (1) જોડણી સુધારી લખો. **1**

(i) અતીથી

(ii) શીષ્ય

(2) વિરૂદ્ધાર્થી શબ્દ લખો. **$1\frac{1}{2}$**

(i) આશા

(ii) ગરીબ

(iii) સત્ય

(3) સમાનાર્થી શબ્દ લખો. $1\frac{1}{2}$

(i) ચક્ષુ

(ii) પાણી

(iii) સૂર્ય

(બ) (1) રૂઢિપ્રયોગોનો અર્થ લખો. 2

(i) પાણી મૂકવું

(ii) આંખમાં ધૂળ નાખવી

(2) વિશેષણ ઓળખાવો. 1

(i) ગુજરાતમાં જગડુશા જેવા ઉદાર વેપારીઓ છે.

(ii) હિમાલય ઊંચો પર્વત છે.

(સ) (1) યોગ્ય વિરામ ચિહ્નો મૂકો. 2

(i) તું શું શોધે છે

(ii) આજે રવિવાર છે

(2) વાક્યના પ્રકાર જણાવો. 2

(i) કેમ ભાઈ આજે મોડો પડ્યો ?

(ii) આ વર્ષેય વરસાદ નથી.

(દ) (1) સંધિ-વિચ્છેદ કરો. 2

(i) સ્વેચ્છા

(ii) પવન

(2) સમાસનો વિગ્રહ કરો. 2

(i) માબાપ

(ii) ત્રિલોક

નીચેના ગદ્ય પ્રશ્નોના જવાબ લખો : 20

5. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો : (કોઈપણ ત્રણ) 9

(1) બાદશાહે બાળક માટે શું લાવવાનો આદેશ કર્યો ?

(2) ઈન્સ્પેક્ટરને મહાદેવની આંખમાં શું દેખાયું ?

(3) રીક્ષાવાળો કોનું ઘર શોધી રહ્યો હતો ?

(4) યુવાનો, પાણીપુરી ઝાપટો ! પાઠમાં લેખક કોનાથી ડરવાની ના પાડે છે ?

6. નીચેના પ્રશ્નોના જવાબ લખો : (કોઈપણ બે) **8**

(1) પ્રકૃતિને શા માટે માતા ગણવામાં આવી છે ?

(2) બા લેખકને કઈ પ્રતિજ્ઞા લેવડાવે છે ?

(3) અત્યંત ઓછા વરસાદમાં પણ જેસલમેરમાં કયા-કયા પાકો લેવાય છે ?

7. નીચેના પ્રશ્નોમાંથી કોઈ એક પ્રશ્નનો જવાબ તમારા શબ્દોમાં લખો : **3**

'દેશભક્ત જગડુશા' પાઠના આધારે દુષ્કાળનું વર્ણન તમારા શબ્દોમાં કરો.

**અથવા**

વૃક્ષો બચાવવા શું-શું કરી શકાય તે માટેના તમારા વિચારો લખો.

નીચેના પદ્ય પ્રશ્નોના જવાબ લખો : **20**

8. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો : (કોઈપણ ત્રણ) **9**

(1) કવયિત્રીએ લોકોને કયો માર્ગ બતાવ્યો છે ?

(2) શાના વિના ભક્તિ ન થઈ શકે ?

(3) 'ફૂલની સાથે રમત' કવિતામાં કવિ કોની સાથે રમવા ઈચ્છે છે ?

(4) સૂર્યને કોણ આકાશમાં ધકેલી દે છે ?

9. નીચેના પ્રશ્નોના જવાબ લખો : (કોઈપણ બે) **8**

(1) નરસૈયાને ઘેર પધારેલા ભગવાનની સુંદરતા વર્ણવો.

(2) ઢોંગી ગુરુઓ પર કટાક્ષ કરતાં અખો શું કહે છે ?

(3) 'હવે કોઈને' કવિતાના આધારે વર્તમાન સમયમાં લોકોને શું માફક આવતું નથી ?

10. નીચેનામાંથી કોઈ એક પ્રશ્નનો જવાબ તમારા શબ્દોમાં લખો : **3**

તમારા ઘરની આસપાસ આવેલ કોઈ મંદિરની શોભાનું વર્ણન કરો.

**અથવા**

'ટ્રેન' કાવ્યના આધારે ટ્રેનની લાક્ષણિકતાઓ વર્ણવો.